૨૧

# ગુજરાત માહિતી આયોગ

બ્લોક નં.-૧, બીજા માળે, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબર- +૯૧ ૭૯ ૨૩૨ ૫૭૩૧૪, ૫૨૮૨૭, ૫૮૦૭૦
**ઇ-મેઇલ:** gscic@gujarat.gov.in **વેબસાઇટ:** www.gic.gujarat.gov.in

<u>તાત્કાલીક</u>

જીઆઇસી/અ-૦૫૬૬-૨૦૨૬/કોર્ટ કેસ યુનિટ
તા.૨૨-૦૪-૨૦૨૬

પ્રતિ,
અગ્ર સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.૧૪/૯, નવા સચિવાલય,
સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.

વિષય : ડો.અમલકુમાર ભટ્ટાચાર્ય રહે, અલ્કાપુરી તા. જી. વડોદરા દ્વારા માહિતી અધિકાર અધિનિયમ એક્ટ -૨૦૦૫ હેઠળ કરવામાં આવેલ બીજી અપીલ બાબતં. ગુજરાત માહિતી આયોગનો તા.૦૬/૦૪/૨૦૨૬ નો હુકમ ક્રમાંક: અ-૦૫૬૬-૨૦૨૬

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેનો ગુજરાત માહિતી આયોગનો તા.૦૬/૦૪/૨૦૨૬ નો હુકમ ક્રમાંક: અ-૦૫૬૬-૨૦૨૬ ની નકલ આ સાથે સામેલ છે. આ હુકમ અન્વયે આપના હસ્તકના તમામ જાહેર સત્તામંડળો ને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(જયદીપ દ્વિવેદી)
સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર.

૨૮
૨૭/૪/૨૬

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.

<u>અપીલ નં- અ-૦૫૬૬-૨૦૨૬</u>

વિવાદીશ્રી : ડૉ અમલકુમાર ભટ્ટાચાર્ય

વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
નિવાસી તબીબી અધિકારીશ્રી,
તબીબી અધિક્ષકશ્રીની કચેરી,
ગુરૂ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ,
જામનગર - ૩૬૧૦૦૧.

(૨) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
એમ.પી. શાહ સરકારી મેડીકલ કોલેજ,
પંડિત નહેરૂ માર્ગ,
જામનગર – ૩૬૧૦૦૮.

(૩) <u>અપીલ સત્તાધિકારીશ્રી</u>
તબીબી અધિક્ષકશ્રી,
તબીબી અધિક્ષકશ્રીની કચેરી,
ગુરૂ ગોવિંદસિંગ સરકારી હોસ્પિટલ
જામનગર - ૩૬૧૦૦૧.

<u>તા.૦૬/૦૪/૨૦૨૬</u>

શ્રી નિખિલ ભટ્ટ, રાજ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજ્ય સમક્ષ

સુનાવણી :- તા.૧૭-૦૩-૨૦૨૬

વિવાદીશ્રી : ડૉ અમલકુમાર ભટ્ટાચાર્ય, વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ નથી.

પ્રતિવિવાદી : (૧) ડૉ.પી.આર.સકસેના, જાહેર માહિતી અધિકારી, નિવાસી તબીબી અધિકારીશ્રી, ગુરૂ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ, જામનગર, વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૨) ડૉ.એસ.એસ.ચેટર્જી, જાહેર માહિતી અધિકારી અને એમ.પી. શાહ સરકારી મેડીકલ કોલેજ, જામનગર, વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૩) ડૉ.વિજય પોપટ, પ્રથમ અપીલ સત્તાધિકારી અને તબીબી અધિક્ષકશ્રી, ગુરૂ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ જામનગર, વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

૨. <u>વિવાદીશ્રીની નમૂના- "ક"ની અરજીની વિગત</u>

વિવાદીશ્રીએ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ નમૂના- "ક"ની તા.૧૯/૦૧/૨૦૨૫ની અરજી દ્વારા જાહેર માહિતી અધિકારી પાસેથી નીચે મુજબની માહિતી માંગવામાં આવેલ છે.

" A – CLINICAL TRAIAL AGREEMENT between Dr. Amalkumar Bhattacharya and SIRO CLINPHARM PVT LTD dated 31-03-2008.

B – Dead Stock Registers of Make Medical Ward 3 and Female Ward Wars 3 x 6

C – My RTI application dated 27-04-2012 to your office and its reply with all pages and annexure: No; GCH/RTI/ID-6/12/6542-43/12, dated 03-05-2012, No. MCLJ/A/RTI/0612/GGH/22621-22/12, date-06-12-2012.

D – My RTI application dated 14-07-2014 to your office and its reply with all pages and annexure : No : GGH/RTI/ID-31/14/11819/14, dated 12-08-2014

E - Letter received in your office (1) No Medicine/165/08, date: 15-04-2008 (2) No Medicine/162/08, date: 15-04-2008 (3) No Medicine/390/08, date: 06-11-2008.

F - Url of the exact web page of the concerned website of your department, wherein the information sought by all above points of this application, may have been published in compliance with the proactive disclosure mandated by section – 4 (1)(b) of the RTI Act 2005. (If the said information is not published, kindly give the names, designations and office address of each officer of the concerned office, who has health the responsibility of meeting compliance with section – 4 (1)(b) of the RTI Act in the concerned office.

G – Certified list (bearing sr. no., reference no. date nature of document, its subject/description, name designation of signing authority i.e. author, and no. of pages) of all documents supplied to me in response to this application.

**Time period of requested information : 01-01-2008 till your final decision on this complaint."**

૩. <u>પ્રતિવિવાદી પક્ષે થયેલ કાર્યવાહી</u>

(i) <u>જાહેર માહિતી અધિકારી દ્વારા થયેલ કાર્યવાહી</u>

જાહેર માહિતી અધિકારી અને નિવાસી તબીબી અધિકારી, ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ, જામનગરએ વિવાદીશ્રીની અરજીના મુદ્દા C માટે જાહેર માહિતી અધિકારી, એમ.પી.શાહ સહકારી મેડીકલ કોલેજ,જામનગરને તા.૧૨/૦૨/૨૦૨૫ના પત્રથી તબદીલ કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી અને નિવાસી તબીબી અધિકારી, ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ, જામનગરે વિવાદીશ્રીને તા.૧૧/૦૪/૨૦૨૫ના પત્રથી નીચે મુજબની માહિતી/પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે.

A – આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી CLINICAL TRAIL AGREEMENT BETWEEN Dr. Amalkumar Bhattacharya and SIRO CLINPHARAM PVT LTD Date 31-03-2008 ક્લીનીકલ એગ્રીમેન્ટ ડૉ. ભટ્ટાચાર્ય દ્વારા કરવામાં આવેલ છે તેથી અસલમાં એગ્રીમેન્ટ અત્રેની રેકર્ડમાં ન હોય જેથી માહિતી પ્રમાણિત કરી આપવાની રહેશે નહી.

B, C, D, E – આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી આ સાથે સામેલ છે.

F – આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી <u>www.MPSMCIN</u> ના પ્રોએકટીવ ડિસ્કલોઝરમાં ઉપલબ્ધ છે.

(ii) પ્રથમ અપીલની વિગત

વિવાદીશ્રીએ તા.૨૩/૦૩/૨૦૨૫ના રોજ અપીલમાં જણાવેલ છે કે, જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા સમયમર્યાદામાં માહિતી આપવામાં આવેલ ન હોઇ, તેથી માહિતી મેળવવા રજૂઆત કરવામાં આવેલ છે.

(iii) પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા થયેલ કાર્યવાહી

પ્રથમ અપીલ અન્વયે પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા તા.૨૫/૦૪/૨૦૨૫ના રોજ નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

" વિવાદીશ્રીની તા.૨૩-૦૩-૨૦૨૫ ની પ્રથમ અપીલ અરજીની સુનાવણીમાં તા.૧૭-૦૪-૨૦૨૫ ગેરહાજર રહેલ છે. તેમજ ઇમેલથી તા.૧૮/૦૪/૨૦૨૫ ની મુદતની માંગણી કરેલ. પરંતુ તે દિવસે જાહેર રજા હોવાથી વિવાદીશ્રીને તા.૨૩-૦૪-૨૦૨૫ ની મુદત ફાળવેલ જેની જાણ પત્ર તથા ઇમેલથી કરેલ છે.

તા.૨૩-૦૪-૨૦૨૫ ના રોજ અત્રેની કચેરી ખાતે પ્રથમ અપીલ અરજીની સુનાવણી રાખવામાં આવેલ જેમાં વિવાદીશ્રી ગેરહાજર રહેલ તેથી જાહેર માહિતી અધિકારી દ્વારા વિવાદીશ્રીની નમુના-"ક" માં આપવામાં આવેલ જવાબ અને ઉપલબ્ધ રેકર્ડને ધ્યાને લેતા કરેલ કાર્યવાહી યોગ્ય છે. જેથી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે."

૪. આયોગ સમક્ષ રજૂ થયેલ બીજી અપીલની વિગતો

વિવાદીશ્રીએ આયોગ સમક્ષ તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ બીજી અપીલ કરતાં જણાવેલ છે કે, જાહેર માહિતી અધિકારી દ્વારા ઉડાઉ જવાબ આપવામાં આવેલ હોઇ, તેમજ પ્રથમ અપીલ અધિકારીએ યોગ્ય હુકમ કરેલ ન હોઇ, તેથી જાહેર માહિતી અધિકારી વિરૂધ્ધ દંડ અને શિક્ષાત્મક

કાર્યવાહી કરવા દાદ માંગેલ છે. વધુમાં વિનામૂલ્યે માહિતી મેળવવા રજૂઆત કરવામાં આવેલ છે.

૫. આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ

(૫.૧) આજરોજ આયોગ ખાતે યોજાયેલ સુનાવણીમાં વિવાદીશ્રી હાજર ન હતા. (૧) જાહેર માહિતી અધીકારીશ્રી ડો.પી.આર.સક્સેના (નિવાસી તબીબી અધિકારીશ્રી) જિ.જામનગર, (૨) જાહેર માહિતી અધિકારીશ્રી એસ.એસ.ચેટર્જી (એડીશનલ ડીન) એમ.પી.શાહ સરકારી મેડીકલ કોલેજ, જિ.જામનગર અને (૩) અપીલ સત્તાધિકારીશ્રી ડૉ. ગિરેન બળવર (વહીવટી અધિકારીશ્રી) તબીબી અધિક્ષકશ્રીની કચેરી, જિ.જામનગર હાજર રહેલ હતાં.

(૫.૨) આ અંગે અપીલ સત્તાધિકારીના પ્રતિનિધિ ડૉ. ગિરેન બળવર કે જેઓ વહીવટી અધિકારી છે તેઓએ આયોગને વિદિત કરેલ કે, વિવાદીશ્રીની તારીખ ૧૯/૦૧/૨૦૨૫ની નમૂના-"ક"ની અરજીના અનુસંધાને વિવાદીશ્રીને તારીખ ૧૦/૦૩/૨૦૨૫ના રોજ રૂ. ૬૭૨/- નિયત ફી ભરવા માટે જણાવવામાં આવેલ. જેના અનુસંધાને વિવાદીશ્રીએ નાણાં ભરતા વિવાદીશ્રીને તારીખ ૧૧/૦૪/૨૦૨૫ના રોજ માહિતી આપવામાં આવેલ હતી.

(૫.૩) જેનાથી સંતોષ ન થતાં વિવાદીશ્રીએ તારીખ ૨૩/૦૩/૨૦૨૫ના રોજ અપીલ સત્તાધિકારીને પ્રથમ અપીલ દાખલ કરેલ હતી.

(૫.૪) જેના અનુસંધાને અપીલ સત્તાધિકારીએ તારીખ ૧૬/૦૪/૨૦૨૫ના રોજ પ્રથમ સુનાવણી રાખેલ હતી. જેમાં તેઓ ગેરહાજર હતાં. તારીખ

૨૩/૦૪/૨૦૨૫ના રોજ પ્રથમ સુનાવણી રાખેલ હતી જેમાં પણ વિવાદીશ્રી ગેરહાજર રહેલ હતા.

(૫.૫) અપીલ સત્તાધિકારીએ તારીખ ૨૫/૦૪/૨૦૨૫ના રોજ આદેશો કરેલ હતાં અને જણાવેલ હતું કે, જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર સાથે તેઓ સંમંત છે. જેનાથી સંતોષ ન થતાં વિવાદીશ્રીએ તારીખ ૧૪/૧૧/૨૦૨૫ના રોજ આયોગ ખાતે ફરિયાદ દાખલ કરેલ જેને બીજી અપીલ તરીકે ગણવામાં આવેલ છે.

(૫.૬) આ સંજોગોમાં વિવાદીશ્રી દ્વારા તારીખ ૧૪/૧૧/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ રજુઆતને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૧૮ના પરિપ્રેક્ષ્યમાં મુલતવી રહેલ.

(૫.૭) ઉપર જણાવ્યાં પ્રમાણે જાહેર માહિતી અધિકારી દ્વારા તારીખ ૧૯/૦૧/૨૦૨૫ની નમૂના-'ક'ની અરજીના અનુસંધાને વિવાદીશ્રીને તારીખ ૧૦/૦૩/૨૦૨૫ના રોજ રૂ.૬૭૨/- ભરવા માટે જણાવેલ છે. જેમાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૭ માં નિર્દિષ્ટ કરવામાં આવેલ સમયમર્યાદાની બહાર જાણ કરવામાં આવેલ છે. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૧૮ પ્રમાણે માત્ર દંડ અને શિક્ષાની કાર્યવાહી હાથ ધરવી કે કેમ ? તે અંગે જ આયોગને નિર્ણય લેવાનો રહેશે.

(૫.૮) જાહેર માહિતી અધિકારી દ્વારા સદર પ્રત્યુત્તર આપવા માટે થોડોક વિલંબ થયેલ છે તે વાત સાચી છે, પરંતુ તેમાં જાહેર માહિતી અધિકારીએ કોઈ મલિન ઈરાદો જણાય આવતો નથી. વિવાદીશ્રી દ્વારા માંગવામાં આવેલ વિશાળ માહિતીના કારણ રૂ.૬૭૨/- જેટલી નિયત ફી ભરવા માટે

વિવાદીશ્રીને જણાવવામાં આવેલ છે જે વિવાદીશ્રીએ ભરતા વિવાદીશ્રીને માહિતી આપવામાં આવેલ છે.

(૫.૯) આ તબક્કે આયોગ નોંધે છે કે, વિવાદીશ્રી દ્વારા આયોગ ખાતે અગાઉ અત્યાર સુધીમાં ૨૬૫૦ બીજી અપીલો દાખલ કરેલ છે. વિવાદીશ્રી જ્યારે સદર સંસ્થામાં એસોસિયેશન પ્રોફેસર મેડીશીન વિભાગમાં કર્મચારી તરીકે કાર્યરત હતા ત્યારે તેઓના દ્વારા આચરવામાં આવેલ અમુક ગેરવર્તણૂકના કારણે વિવાદીશ્રીને આરોપનામું આપવામાં આવેલ છે અને જે અંગે હજુ તપાસ ચાલુ છે.

(૫.૧૦) આ સંજોગોમાં વિવાદીશ્રીને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૮(૧)(જ) નીચે માહિતી મળવાપાત્ર ન હોવા છતાં પણ માહિતી આપવામાં આવેલ છે. જે જાહેર માહિતી અધિકારીનો શુધ્ધ ઈરાદો દર્શાવે છે.

(૫.૧૧) વધુમાં જણાવવાનું કે, વિવાદીશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી નંબર- C અને D માં અગાઉની આર.ટી.આઈ.માં આપવામાં આવેલ પ્રત્યુત્તરની નકલ માંગવામાં આવેલ છે.

(૫.૧૨) ઉપર જણાવ્યાં પ્રમાણે વિવાદીશ્રી દ્વારા અગાઉ ૨૬૫૦ જેટલી બીજી અપીલો આયોગ ખાતે દાખલ કરેલ છે. આમ, વિવાદીશ્રીનો માહિતી માંગવામાં શુધ્ધ ઈરાદો જણાય આવતો નથી.

(૫.૧૩) વિવાદીશ્રી સામે શરૂ થયેલ ખાતાકીય તપાસને કારણે, ઉદ્દભવેલ અસંતોષના કારણે વિવાદીશ્રી દ્વારા માત્રને માત્ર સંબંધિત હોસ્પિટલના

વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓને હેરાન કરવા માટે પુનરાવર્તિત રીતે એકની એક માહિતી માંગવામાં આવતી હોય તેવું પ્રથમ દર્શનીય રીતે આયોગને જણાઈ આવે છે.

"(૧) નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા સી.એ.નં.૬૪૫૪/૨૦૧૧માં તા.૦૯-૦૮-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ ચુકાદાના ફકરા ક્રમાંક-૩૭માં કરવામાં આવેલ અવલોકનો ધ્યાને લેવામાં આવેલ છે. ફકરા ક્રમાંક-૩૭ની વિગતો નીચે મુજબ છે.

"Para-37 Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the efficiency of the administration and result in the executive getting bogged down with the non-productive work of collecting and furnishing information. The Act should not be allowed to be misused or abused, to become a tool to obstruct the national development and integration, or to destroy the peace, tranquillity and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or intimidation of honest officials striving to do their duty. The nation does not want a scenario where 75% of the staff of public authorities spends 75% of their time in collecting and furnishing information to applicants instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public authorities prioritizing

information furnishing', at the cost of their normal and regular duties."

(૨) નામ. હાઇકોર્ટ, નવી દિલ્હી દ્વારા W.P(C) No.845/2014માં તા. ૦૫/૦૨/૨૦૧૪ના રોજ આપવામાં આવેલા ચૂકાદાના ફકરા નં.૧૦માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

"10. Consequently, this Court deems it appropriate to refuse to exercise its writ jurisdiction. Accordingly, present petition is dismissed. This Court is also of the view that misuse of the RTI Act has to be appropriately dealt with, otherwise the public would lose faith and confidence in this "sunshine Act". A beneficent Statute, when made a tool for mischief and abuse must be checked in accordance with law. A copy of this order is directed to be sent by the Registry to Defence and Law Ministry, so that they may examine the aspect of misuse of this Act, which confers very important and valuable rights upon a citizen."

(3) Mr. Ramesh Chand Jain v. Delhi Transport Corporation ના કેસમાં CENTRAL INFORMATION COMMISSIONની File No.CIC/AD/A/2013/001326-SAની કેસમાં તા.૨૫/૦૬/૨૦૧૪ના રોજ ચુકાદો આપેલ છે તેમાં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

" 23. Thus, once information is given, applicant shall not seek the same once again in the guise of different form or language. If the applicant seeks information again and again, the PIO, the First

Appellate Authority and the Commission would be forced to spend their time on this repeated application, and in the process the authorities would lose that much time to address the other RTI applications or performing their general duties in their public office Repeated RTI applications will amount to clogging the office of public authority and CPIO would be justified in refusing the same with intimation of reasons. Because the repeated RTI application has an effect of clogging the public offices, it would amount to obstructing the free flow of information to deserving and genuine RTI applicants, besides preventing the officers from performing their general duties attached to their office.

Conclusions

24. All the above discussion can be consolidated into:

(i) Even a single repetition of RTI application would demand the valuable time of the public authority, first appellate authority and if it also reaches second appeal, that of the Commission, which time could have been spent to hear another appeal or answer another application or perform other public duty.

(ii) Every repetition of RTI application which was earlier responded will be an obstruction to flow of information and defeats the purpose of the RTI Act.

No scope for repeating under RTI Act

20. The Commission infers from the above that though RTI Act, did not specifically provide as a ground of refusing the information, it is implied

from the objective and various provisions of RTI Act, that right of citizen to information is limited to one time and does not extend to repetition of request for that directly or indirectly.

Citizen has no Right to Repeat

25. For the above reasons and based on objective of the RTI Act, its provisions, their interpretation by the information Commissioners referred above, reading them together, this Commission observes
a) The citizen has no right to repeat the same or similar or slightly altered information request under RTI Act, 2005, for which he already got a response.
b) Once an RTI application is answered, the appellants shall refrain themselves from filing another RTI application against the public authority as once information is received and held by them or posted in public domain, because such information is deemed to have ceased to be 'held' by the public authority.
Repetition shall be ground of refusal

c) Such repetition of information request may be considered as reasonable ground for refusal under the RTI Act.

d) An applicant or appellant repeating the RTI application or appeal either once or multiple times, suppressing the fact of earlier application and receipt of the answer, the CPIO of public authority may reject it forthwith after intimating it along with reasons.
Appeals can be rejected
e) The First Appellate Authority and Commission may be right and reasonable to consider this as a

ground for rejecting the first or second appeal, respectively among other reasons if any."

(૪) Government Of India ના તા.૧૬/૦૫/૨૦૧૭ના પરીપત્ર ક્રમાંક: वीएसएससी/VSSC/ एपीआईओ / APIO/2017માં નીચે મુજબ જણાવેલ છે.

"A Central Public Information Officer/Dy. Secretary DOS vide letter No CPIO DOS RTI/CIR/2017/1 dated 27.04.2017 has endorsed a copy of the circular No.03/03/2017 dated 10.03.2017 received from Central Vigilance Commission New Delhi along with Hon'ble CIC decision dated 25.06.2014 respect of Mr Ramesh Chand Jain Vs Delhi Transport Corporation.

It was noticed by the Commission that several applicants seek some information from one wing of the public authority and based on the responses file a bunch of RTI questions from the same or other wings of same public authority, or from other authority This will have a continuous harassing effect of the public authority As the PIOs go on answering more and more questions are generated out of the same and in the same proportion the number of repeated first appeals and second appeals will be growing.

The CIC vide its decision No. CIC/AD/A/2013/001326-SA dated 25.06.2014 has decided that

i. No scope of repeating under RTI Act
ii. Citizen has no Right to Repeat
iii. Repetitions shall be ground of refusal
IV. Appeals can be rejected."

(૫) Sri Davalsab M Miyanavar V/s Karnataka Information Commission ના કેસમાં High Court Of Karnataka ની Writ Petition No.101260/2024 ના કેસમાં તા.૨૫/૦૯/૨૦૨૦૨૪ના ચુકાદામાં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે, જે આયોગે ધ્યાને લીધેલ છે.

> "19. Upon considering the facts and circumstances of this case, along with the relevant judicial precedents, this Court is of the opinion that the petitioner has clearly misused the provisions of the RTI Act. The petitioner's conduct in filing thousands of RTI applications across multiple departments, without any legitimate reason or cause, constitutes an abuse of the process of law. The petitioner's request to withdraw the writ petition without paying the requisite court fees is not acceptable, as it would set a dangerous precedent and encourage further misuse of the RTI Act."

(૫.૧૪) આમ, વિવાદી દ્વારા જ્યારે ૨૬૫૦ જેટલી બીજી અપીલો આયોગ ખાતે દાખલ કરેલ છે, ત્યારે માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓ અન્વયે તેઓને પ્રાપ્ત થયેલ "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ થતો હોવાનું આયોગને જણાય છે. વિવાદી દ્વારા "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ કરવાનું ચાલુ રાખવામાં આવેલ છે. આમ છતાં, વિવાદીનો અંતરઆત્મા જાગૃત થશે અને તેઓ વાજબી અધિકારને સમજીને, યોગ્ય રીતે અરજી કરશે અને કરવામાં આવતી અરજીઓની સંખ્યામાં ઘટાડો કરશે તેવી આશા સાથે આયોગ દ્વારા અત્યાર સુધી સંયમપૂર્વક અને ઉદારતાપૂર્વક વિવાદીની સંખ્યાબંધ અપીલોની સુનાવણી કરી, હુકમો કરવામાં આવેલ છે.

(પ.૧૫) આટલી વિશાળ સંખ્યામાં વિવાદી દ્વારા અરજીઓ કરીને મેળવવામાં આવેલ માહિતીનો વિવાદીશ્રી દ્વારા ક્યો (શું) ઉપયોગ કરવામાં આવે છે તે બાબત પણ અનુત્તર રહે છે.

(પ.૧૬) અધિનિયમના આમુખમાં દશાવેલ લોકશાહીના ઉચ્ચ આદર્શોને મૂર્તિમંત કરવાના ઉમદા આશયથી ઘડવામાં આવેલા આવા પવિત્ર અધિનિયમનો પ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ સાથે માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી કોઇ સંસ્થા સંમત થઈ શકે નહીં.

(પ.૧૭) જાહેર સત્તામંડળના સંસાધનોનો ઉપયોગ લોકોપયોગી સેવાઓ પૂરી પાડવા માટે કરવાનો રહે છે. ગણ્યા ગાંઠ્યા નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમના ઉપયોગના અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ થકી તેઓની વ્યવસ્થાઓ ખોરવાય નહીં તે જોવાની પવિત્ર જવાબદારી માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી તમામ સંસ્થાઓની છે.

ઉપરોક્ત ચુકાદાઓ અને ભારત સરકારના પરિપત્રને ધ્યાને લેતાં, આયોગને જણાય છે કે, વિવાદીશ્રીએ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ વિશાળ પ્રમાણમાં અરજીઓ કરીને વારંવાર એકના એક પ્રકારની માહિતી અલગ-અલગ શબ્દ રચનાઓ અને અગાઉ આપવામાં આવેલ માહિતીમાંથી વધુ પેટા મુદ્દાઓ ઉભા કરીને

માંગવામાં આવેલ માહિતી તે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫નો દૂરઉપયોગ છે. આયોગ પાસેના ઉપલબ્ધ રેકર્ડ પરથી તપાસ કરતાં વિવાદીશ્રીએ તા.૧૪/૧૧/૨૦૨૫ની સ્થિતિએ કુલ ૨૬૫૦ બીજી અપીલ/ફરિયાદ આયોગ સમક્ષ કરેલ છે.

આથી આયોગ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના કાયદાના ગેરઉપયોગને ચલાવી લઇ શકે નહીં અને આ "Sunsine Act" ના ગેરઉપયોગને અટકાવવાની આયોગની પવિત્ર ફરજ છે, તેમ આયોગ માને છે.

<u>ઉક્ત વિગતો ધ્યાને લઇને આયોગ દ્વારા વિવાદીશ્રીને તથા સંબંધિતોને નીચે મુજબ આદેશો આપવામાં આવે છે:</u>

(૧) પ્રસ્તુત હુકમની તારીખથી પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વિવાદીશ્રી વધુમાં વધુ ૬(છ) અરજીઓ કરી શકશે.

(૨) આવી પ્રત્યેક અરજીમાં વધુમાં વધુ ૬(છ) મુદ્દાઓની ચોક્કસ માહિતી માંગી શકશે.

(૩) પ્રસ્તુત હુકમની તારીખ બાદ જાહેર સત્તામંડળને કરવામાં આવતી પ્રત્યેક અરજીમાં તેઓએ નીચે મુજબની બાંહેધરી આપવાની રહેશે.

<u>"આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, આયોગ દ્વારા અપીલ નં. ૦૫૬૬-૨૦૨૬ અને તા.૦૬/૦૪/૨૦૨૬ના રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર, કુલ ૬(છ) પૈકી પ્રસ્તુત અરજીનો</u>

<u>ક્રમાંક .......... છે.</u>" આ પ્રકારે બાંહેધરી દર્શાવી, વિવાદીશ્રીએ તેની નીચે સહી અને તારીખ દર્શાવવાની રહેશે.

(૪) રાજ્યના તમામ જાહેર સત્તામંડળોના જાહેર માહિતી અધિકારીશ્રીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, આયોગના ઉક્ત હુકમ પ્રમાણે વિવાદીશ્રી દ્વારા બાંહેધરી આપવામાં આવેલ ન હોય કે ૬(છ) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરવામાં આવેલ હોય તો, બાંહેધરી આપવામાં આવેલ ન હોવાના કારણસર અને/અથવા ૬(છ) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરેલ હોવાના કારણોસર વિવાદીશ્રીની બીજી અરજી/ફરિયાદ દફતરે કરી તેની વિવાદીશ્રીને આ મુજબ જાણ કરવાની રહેશે.

આ ઉપરાંત, વિવાદીશ્રીની ઉપર મુજબની માહિતી માંગતી અરજી કે તે સંબંધમાં પ્રથમ અપીલ કે બીજી અપીલ/ફરિયાદ પરત્વે નિર્ણય કરવાનો બાકી હોય તો તે પરત્વે કોઇ કાર્યવાહી કરવાની રહેશે નહીં અને પડતર અરજી/અપીલ/ફરિયાદ આયોગ પ્રસ્તુત હુકમની વિગતે દફતરે કરી, તેની વિવાદીશ્રીને જાણ કરવાની રહેશે.

(૫) આયોગના સચિવશ્રીને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમની નકલ રાજ્ય સરકારના તમામ વિભાગો અને વિભાગો હસ્તકના જાહેર સત્તામંડળને મોકલી આપી, તેનો અમલ કરવા માટે જણાવવામાં આવે.

(૬) આયોગ દ્વારા રજીસ્ટ્રારને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમ બાદ, વિવાદીશ્રી દ્વારા રજૂ થતી બીજી અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના"ક"ની અરજીમાં વિવાદીશ્રી દ્વારા ઉપર મુજબની બાંહેધરી આપવામાં આવેલ ન હોય અથવા તેઓ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં ૬(છ) થી વધુ અરજી કરવામાં આવી હોય તો, તેઓની બીજી અપીલ/ફરિયાદ સુનાવણી માટે રજૂ કરવાની રહેશે નહીં. આવી અપીલ/ફરિયાદ દફતરે કરી તેની વિવાદીશ્રીને જાણ કરવાની રહેશે.

(૫.૧૮) આ સંજોગોમાં વિવાદીશ્રીની દંડ અને શિક્ષા કરવાની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

બીજી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(નિખિલ ભટ્ટ)
રાજ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર
કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર
નાયબ સચિવ (વતી)
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર